## આલોચક | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

[**ઉત્તર ગુજરાતની કહેવતો** : લે. પ્ર. શ્રી ભરત ક. દવે, મુ.પો. મીઠી ધારિયલ (૩૮૪૨૨૧), તા. ચાણસ્મા, જિ. પાટણ (ઉત્તર ગુજરાત), આવૃત્તિ પ્રથમ, ડિસેમ્બર ૨૦૦૫, પૃ. ૮+૧૪૧, કિં. રૂ. ૧૦૦/-]

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરની આર્થિક સહાયથી પ્રકાશિત આ પુસ્તકના વ્યાપક-વિસ્તૃત ફલકવાળા વિષય પર લેખકે સારો એવો વ્યવસ્થિત ને શાસ્ત્રીય અભ્યાસ ને છણાવટ કરી પ્રસ્તુત પ્રદેશની ૧૪૪૨ જેટલી કહેવતોનું અર્થ સહિત કક્કાવારી પ્રમાણે સંકલન કર્યું છે ને એ રીતે મગનલાલ વખતચંદ, કવિ દલપતરામ, નાનજીઆણી, દામુભાઈ મહેતા, જમશેદજી નસરવાનજી પીટીટ, આશારામ દલીચંદ શાહ અને દુલેરાય કારાણી જેવા પુરોગામીઓનાં એ પ્રકારનાં સંશોધન-સ્વાધ્યાયકાર્યની પૂર્તિ કરી છે.

ઈ.સ. ૧૮૫૧માં આવો સર્વપ્રથમ સંગ્રહ મગનલાલ વખતચંદ તરફથી ''કથનાવળી'' પ્રગટ થયા પછી ઈ.સ. ૧૯૨૭ સુધીમાં પંદર જેટલાં આવાં સંકલનો જે થયાં છે તેમાં પ્રો. અનસૂયા ભૂ. ત્રિવેદીનો તદ્વિષયક પીએચ.ડી.નો મહાનિબંધ ખાસ ધ્યાનપાત્ર છે. તેમાં વળી કચ્છી કહેવતો પર ચાર જેટલા અભ્યાસગ્રંથો ઉપરાંત વિવિધ સામયિકોમાં ઠીક ઠીક પ્રમાણમાં તદ્વિષયક અભ્યાસલેખોય લખાયેલ છે. આમ, આ વિષય પૂર્વ યુગમાં સુપેરે ખેડાયેલો છે.

એ પછી આધુનિક સમયમાં રા. વિ. પાઠક, ઉમાશંકર જોશી, અનંતરાય મ. રાવળ, કાકાસાહેબ કાલેલકર, ડૉ. નિરંજન રાજ્યગુરુ, ડૉ. અમૃત પટેલ, નરોત્તમ પલાણ, વિનાયક રાવળ, ડૉ. પ્રભાકર તેરૈયા, ડૉ. કનુભાઈ જાની, પ્રો. રતિલાલ સાં. નાયક, ડૉ. ભરત ગરીવાલા, પલક જોશી, કનૈયાલાલ જોશી અને હર્ષદ પટેલ જેવાં તજ્જ્ઞોએ પણ વિવિધ સામયિકોમાં કહેવતની વ્યુત્પત્તિ, લાક્ષણિકતાઓ, વ્યાપ્તિ, મહત્તા ને વિશિષ્ટતાઓ વિશે સારી એવી ઓછીવત્તી પર્યેષણા કરી છે.

આમ છતાં, ગુજરાતના વિવિધ ખાસ વિશિષ્ટ પ્રદેશોની કહેવતો પર ખાસ વેધક અભ્યાસ બહુ થયેલો નથી. જોકે કહેવતો એવી સામુદાયિક સંપત્તિ છે કે તેને અમુક પ્રદેશવિશેષની સંપદા કહી શકાય નહિ કેમકે ઉત્તર ગુજરાતમાં વ્યાપક ને રૂઢ થયેલી કહેવત મધ્ય ને દક્ષિણ ગુજરાતમાં પણ વ્યાપક રીતે પ્રચલિત થયેલી જોવા મળી શકે છે.

ઉમાશંકર જોશી કહેવતોને લોકકવિતાની ધ્રુવપંક્તિ કહે છે. જેમ ખોરાકમાં નિમક એમ વાતચીત ને વ્યવહારમાં કહેવતોનું મહત્ત્વ છે. તેમાં જ્ઞાન કરતાં ડહાપણની માત્રા વધુ. ને વળી એમાં રમૂજ, કટાક્ષ ને સ્પષ્ટતા હોય. એને સમજાવવી ન પડે. પ્રાચીન પ્રજાઓ પાસે કહેવતોનો વિપુલ ભંડાર રહેતો. ચીનના રાષ્ટ્રપિતા માઓ ઝેદોંગ ને રશિયાના નિકિતા ખ્રુશ્ચેવને વાતચીતમાં કહેવતો કહેવાનો શોખ ભારે હતો. દરેક કહેવત એ પ્રજાની સંસ્કૃતિ ને દેશકાળની પ્રતિનિધિ ને અરીસારૂપ હોય છે. જગતની કહેવતોનો સમુદ્ર અમર્યાદ હોવાથી એનું સંપૂર્ણ સંકલન અસંભવ છે, પણ 'જાપાની કહેવતો', 'Proverbs of Africa' આદિ જેવાં વિવિધ પુસ્તકો તૈયાર થયેલાં છે. એમાં સનાતન સત્યનું કથન થયું હોય છે ને વળી ઘણી બધી ભાષાઓમાં એક જ અર્થની કહેવતોય દેશપરદેશમાં મળી આવતી હોય છે.

લોકવાઙ્મયના અમૂલ્ય ઘરેણારૂપ ને ભાષાસમાજના લૂણ સમી કહેવતોને રસનો વિષય બનાવી લેખકે જે વ્યવસ્થિત શાસ્ત્રીય અધ્યયન કર્યું છે તેનું આ પુસ્તકનાં છ પ્રકરણોમાં અઠંગ અભ્યાસીને શોભે તેવું અર્થઘટન સહિત નિરૂપણ કર્યું છે. પહેલા પ્રકરણમાં લોકવાઙ્મયની વિભાવના સ્પષ્ટ કરી તેમાં કહેવતો કેવું આગવું સ્થાન ધરાવે છે તે વિશે ચર્ચા કરી છે. બીજા પ્રકરણમાં કહેવતની સ્વરૂપગત વિભાવના સ્પષ્ટ કરી તેનાં લક્ષણો, ખાસિયતો અને કુળ-મૂળ વિષયક પરિચયાત્મક ચર્ચા થઈ છે. ત્રીજા પ્રકરણમાં પુરોગામીઓના તદ્વિષયક સંશોધન-પ્રદાનની નોંધ લેવામાં આવી છે. ચોથા- પાંચમા પ્રકરણોમાં ઉત્તર ગુજરાતની ૧૪૪૨ જેટલી કહેવતોની ક્ષેત્રમર્યાદા અર્થઘટન સહિત અકારાદિ ક્રમે દર્શાવવામાં આવી છે. અંતમાં સંદર્ભસૂચિ ને માહિતી દાતાઓની નામાવલિ સમેત પરિશિષ્ટમાં કહેવતોના કઠિન શબ્દોના અર્થ અપાયા છે અને સંક્ષેપોની સમજ પણ આપવામાં આવી છે.

માતુશ્રી સમેત પોતાનાં પરિવારજનો તથા ઉત્તર ગુજરાતના વિવિધ ક્ષેત્ર-વ્યવસાયની ૪૦થી ૮૫ વર્ષની વયની વ્યક્તિઓ પાસેથી ખાસ જહેમત લઈ એકઠી કરેલી આનર્તી કહેવતોની આમૂલાગ્ર છણાવટ કરી લેખકે માત્ર આનર્ત પ્રદેશની જ નહિ, પણ સમગ્ર ગુજરાતનીય સારી સેવા બજાવી છે અને પોતાની સંશોધનશક્તિનો યશસ્વી રીતે પરિચય આપ્યો છે, જે પ્રશંસનીય ને આવકાર્ય છે. આધુનિક સમયમાં પ્રસ્તુત વિષયના થયેલ અલ્પ ખેડાણમાં આ નાનકડો ગ્રંથ મહત્ત્વનું અદકેરું સ્થાન ધરાવે છે. પીએચ.ડી. કક્ષાનું આવું કાર્ય કરવા બદલ લેખકને અનેક અભિનંદન ઘટે.

r